# એજન્ડા

# કારોબારી સમિતિની માસિક સભા

તારીખ અને વાર : શુક્રવાર, ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૧

સમય : સાંજે ૪-૦૦ કલાકે

સ્થળ : એ. એચ. હોલ,
ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ
ઇન્ડસ્ટ્રી, આશ્રમરોડ, અમદાવાદ
તથા વીડિઓ કોન્ફરન્સના માધ્યમથી

## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

શ્રી અંબિકા મીલ્સ - ગુજરાત ચેમ્બર બિલ્ડીંગ,
પો.બો.નં. ૪૦૪૫, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફેક્સ : ૦૭૯-૨૬૫૮૭૯૯૨
ફોન : ૨૬૫૮૨૩૦૧/૨/૩/૪
ઈ-મેઈલ : gcci@gujaratchamber.org
વેબસાઈટ : www.gujaratchamber.org

१૯ ફેબ્રુઆરી, २०२१

પ્રતિ,

કારોબારી સમિતિના સભ્યશ્રીઓને,

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની કારોબારી સમિતિની આગામી માસિક સભા શુક્રવાર તા. २૬-०२-२०२१ ના રોજ સાંજે ०४-०० કલાકે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે તથા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી નીચેના કામકાજ માટે મળશે.

આ મિટિંગ ગુજરાત ચેમ્બરમાં રૂબરૂ તથા વર્તમાન COVID-19 ને ધ્યાને લઈને વિડીયો કોન્ફરન્સથી રાખવામાં આવી છે જેની લિન્ક આપને મોકલી આપવામાં આવશે.

: એજન્ડા :

| | આઇટેમ | મીનીટ્સ અને એક્શન ટેકન રિપોર્ટ | પાના નં. |
|---|---|---|---|
| | १. | તા. २१-०१-२०२१ના રોજ મળેલી કારોબારી સમિતિની માસિક બેઠકની કાર્યવાહી મંજૂર કરવા | १ થી ७ |
| II | | માહિતી અને જાણ માટે | |
| | २. | પ્રમુખ અને અન્ય હોદ્દેદારોના અહેવાલો | |
| | | २.१ અગત્યના પ્રસંગો | ८ થી ૯ |
| | | २.२ ચેમ્બર તરફથી થયેલ રજૂઆતો | ૯ થી १० |
| | | २.૩ એક્શન ટેકન રિપોર્ટ | ११ |
| | | २.४ સ્ક્રૂટીની સમિતિનો રિપોર્ટ | ११ |
| | | २.५ ચેમ્બર દ્વારા આપવામાં આવતા સર્ટિફિકેટ ઓફ ઓરીજીન અને વિઝા લેટર્સ અંગેની વિગત | ११ |
| | | २.૬ ADRC સેન્ટર દ્વારા થયેલ કાર્યોની વિગત | १२ |
| | ૩. | કમિટિ અને સલાહકારી સમિતિના અહેવાલો | |
| | | ૩.१ કમિટિઓની મિટિંગના અહેવાલ | १२ થી १૩ |
| | | ૩.२ સલાહકારી સમિતિની મિટિંગની માહિતી | १૩ |

| | | | |
|---|---|---|---|
| III | | ચર્ચા અને મંજૂરી માટે | |
| | ૪. | ફેરફાર સાથેના સ્ટાફ રૂલ્સની જાણ કરવા બાબતે | |
| | ૫. | ADRC સેન્ટરના ફી સ્ટ્રક્ચર રિવાઇઝ કરવા બાબતે | |
| | ૬. | પ્રમુખશ્રીની મંજૂરીથી જે રજૂ થાય તે અંગે વિચારણા કરવા. | |
| | ૭. | રાષ્ટ્રગીત | |

આપને આ કારોબારી સમિતિની મિટિંગમાં અચૂક ઉપસ્થિત રહેવા વિનંતી છે.

આ સમિતિની મીટીંગનો વિગતવાર એજન્ડા આ સાથે સામેલ છે.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

યોગેન્દ્ર ત્રિવેદી

સેક્રેટરી જનરલ

## કારોબારી સમિતિની માસિક સભ્યની મીનીટ્સ

મિટિંગ નં. : ૬/ ૨૦૨૦-૨૧

તારીખ : ૨૧-૦૧-૨૦૨૧

સ્થળ : સયાજી હોટેલ, રાજકોટ (રૂબરૂમાં) અને વિડીયો કોનફરન્સ દ્વારા

પ્રમુખ : શ્રી નટુભાઈ પટેલ

એનેક્ષર -એ મુજબ સભ્યો આ મિટિંગમાં ઉપસ્થિત રહ્યા હતા.

- પ્રમુખશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા.
- પ્રમુખશ્રીએ સભ્યનું સંચાલન કરવા માનદ - ખજાનચી શ્રી સચીન પટેલને વિનંતી કરી હતી.

**એજન્ડા:**

**આઇટેમ નં. ૧**

- સભાના સંચાલકશ્રીએ તા. ૨૪-૧૨-૨૦૨૦ ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) જે અગાઉથી સૌને મોકલી આપેલ હતી તેને સર્વાનુમતે મંજૂર કરવા સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.

- સભામાં ઉપસ્થિત સભ્યોએ તા. ૨૪-૧૨-૨૦૨૦ ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહીની નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવ્યું હતું.

**ઠરાવ નં.૧**

આથી તા. ૨૪-૧૨-૨૦૨૦ ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટિંગની કાર્યવાહી નોંધ (મીનીટ્સ) સર્વાનુમતે મંજૂર કરવામાં ઠરાવવામાં આવે છે.

આઇટેમ નં. ૨

૨.૧ ચેમ્બર દ્વારા યોજવામાં આવેલ અગત્યના પ્રસંગોની વિગતવાર માહિતી એજન્ડાની સાથે મોકલી આપવામાં આવી હતી.

- ➢ સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૨.૨ તા. ૧૪-૧૨-૨૦ થી ૧૪-૦૧-૨૧ દરમ્યાન ચેમ્બર તરફથી જે રજૂઆતો કરવામાં આવી હતી તેની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી.

- ➢ સમિતિના સભ્યોએ આની નોંધ લીધી હતી.

૨.૩ તા. ૨૪-૧૨-૨૦૨૦ ની કારોબારી સમિતિમાં ચર્ચા થયેલ અગત્યના મુદ્દા ઉપર થયેલ કાર્યવાહીનો એક્શન ટેકન રિપોર્ટ એજન્ડા સાથે મોકલી આપ્યો હતો જેને સમિતિના સભ્યોએ નોંધ લીધી હતી.

૨.૪ તા. ૧૯-૦૧-૨૦૨૧ ના રોજ સ્ક્રૂટીની સમિતિની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતો શ્રી પથિક પટવારીએ આપી હતી અને નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

ઠરાવ નં. ૨

આથી ઠરાવવામાં આવે છે કે સ્ક્રૂટીની સમિતિના સભ્યો દ્વારા ચકાસણી કરી કારોબારી સમિતિને ભલામણ કરેલ કુલ – ૧૬ અરજીઓ (એનેક્ષર – બી) મુજબ મંજૂર કરવામાં આવે છે જયારે સભ્યોના નામ, સરનામા કે પ્રતિનિધિઓના નામમાં, કોઈ પણ કેટેગરીના ફેરફારની કુલ – ૮ અરજીઓને (એનેક્ષર – સી) મુજબ મંજૂર કરવામાં આવે છે.

૨.૫ ચેમ્બર તરફથી ડિસેમ્બર-૨૦૨૦ દરમ્યાન ઇસ્યુ કરવામાં આવેલ સર્ટિફિકેટ ઓફ ઓરિજિનની માહિતી આપતા શ્રી પથિક પટવારીએ જણાવ્યું હતું કે ડિસેમ્બર માસમાં કુલ – ૩૦૩૪ સર્ટિફિકેટ ઓફ ઓરિજિન ઇસ્યુ કરવામાં આવ્યા હતા જયારે ૧૦ વિઝા રેકમેન્ડેશન લેટર્સ આપવામાં આવ્યા હતા.

- ઉપસ્થિત સૌ સભ્યોએ આની નોંધ લીધી હતી.

૨.૬ ADRC સેન્ટર દ્વારા થયેલ કામગીરીની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી જેની સૌ સભ્યોએ નોંધ લીધી હતી.

આઈટેમ નં. ૩

૩.૧ GCCI ની વિવિધ સમિતિઓની મિટિંગની માહિતી એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી અને સમિતિના ચેરમેને તેમની મિટિંગમાં થયેલ કાર્યવાહીની વિગતવાર માહિતી સમિતિના સભ્યોને આપી હતી.

૩.૨ સલાહકારી સમિતિની મિટિંગની વિગતો એજન્ડા સાથે મોકલી આપવામાં આવી હતી તેની નોંધ લેવામાં આવી હતી.

આઈટેમ નં. ૪

પ્રમુખ સ્થાનેથી

- પ્રમુખશ્રી એ જણાવ્યું હતું કે GCCI ના સ્ટાફ રૂલ્સ જૂના છે તેને રિવાઈઝ કરવા જરૂરી જણાવી GCCI ના સ્ટાફ રૂલ્સ રિવાઈઝ કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપવા કારોબારી સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.
    - સભામાં ઉપસ્થિત સભ્યોએ સર્વાનુમતે સ્ટાફ રૂલ્સ રિવાઈઝ કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.
- સ્ટાફ સભ્યોના નિર્ણયો અને પ્રશ્નો બાબતે સ્ટાફ સ્ટીયરિંગ સમિતિની રચના બાબતે પ્રમુખશ્રીએ સમિતિની સમક્ષ રજૂઆત કરી હતી જેમાં પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે આ સમિતિમાં

    ૧. પ્રમુખ (હોદ્દાની રૂએ)

    ૨. વરિષ્ઠ ઉપપ્રમુખ (હોદ્દાની રૂએ)

    ૩. માનદ – મંત્રી (હોદ્દાની રૂએ)

    ૪. ત્રણ કારોબારી સમિતિના સભ્યો

    - સભામાં ઉપસ્થિત સભ્યોએ ઉપર મુજબ સ્ટાફ સ્ટીયરીંગ સમિતિની રચનાને સર્વાનુમતે મંજુરી આપી સભ્યોની નિમણુંક માટે ચેમ્બરના હોદ્દેદારોને સત્તા આપી હતી.

- શ્રી ભાવેશ લાખાણીએ સ્ટાફ સ્ટીયરીંગ સમિતિમાં આ વિષયના નિષ્ણાંતનો સમાવેશ કરવા સૂચન કર્યું હતું.
- આના પ્રત્યુત્તરમાં પ્રમુખશ્રીએ લેબર લો કમીટીના કો-ચેરમેન અને Labour Laws અને HR ના નિષ્ણાંત શ્રી કે. એચ. પટેલની નિમણુંક કરીશું તેમ જણાવ્યું હતું.
- ઉપસ્થિત સભ્યો દ્વારા શ્રી કે. એચ. પટેલની સ્ટાફ સ્ટીયરીંગ સમિતિના સભ્ય તરીકે નિમણુંકને મંજુરી આપી બહાલી આપી હતી.

➢ પ્રમુખશ્રીએ સ્ટાફને આપવામાં આવનાર પગાર વધારા નક્કી કરવાની સત્તા હોદ્દેદારોને આપવા રજૂઆત કરી હતી.

- ઉપસ્થિત સર્વસભ્યોએ સ્ટાફને આપવામાં આવનાર પગાર વધારો નક્કી કરવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપી હતી.

➢ GCCI ના સ્ટાફ રૂલ્સ રિવાઈઝ કરવામાં આવતા રૂલ્સ પ્રમાણે સ્ટાફ સભ્યોને ચૂકવવાની થતી Paid Leave (PL) ની રકમ ચેમ્બર પર બોજ ન પડે તે રીતે ચાર (૪) હપ્તામાં ચાર વર્ષમાં ચૂકવવાની મંજુરી માટે સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી.

- સભામાં ઉપસ્થિત સભ્યો આ અંગેની સર્વાનુમતે મંજુરી આપી હતી.

પ્રમુખશ્રીએ ઉપસ્થિત સૌ સભ્યોનો આભાર માની મિટિંગ પૂરી થયેલી જાહેર કરી હતી.

યોગેન્દ્રકુમાર ત્રિવેદી
સેક્રેટરી જનરલ

નટુભાઇ પટેલ
પ્રમુખ

# એનેક્ષર – એ

આ મિટિંગમાં સયાજી હોટેલ, રાજકોટ (રૂબરૂ)માં નીચે સભ્યો હાજર રહ્યા હતા.

| | | |
|---|---|---|
| ૧. શ્રી નટુભાઇ પટેલ | ૮. શ્રી દિલીપ પાધયા | ૧૫. શ્રી પ્રતાપ ચંદન |
| ૨. શ્રી હેમંત શાહ | ૯. શ્રી જીગ્નેશ એચ. કારીયા | ૧૬. શ્રી સંજય એન. પુરોહિત |
| ૩. શ્રી કે. આઈ. પટેલ | ૧૦. શ્રી જિતેન્દ્ર એચ. લાલ | ૧૭. શ્રી શાંતિભાઈ પટેલ |
| ૪. શ્રી પથિક પટવારી | ૧૧. શ્રી કિરીટ સોની | ૧૮. શ્રીમતિ શિલ્પા ભટ્ટ |
| ૫. શ્રી સચિન પટેલ | ૧૨. શ્રી લાખાભાઈ કેશવાલા | ૧૯. શ્રી સુનિલ વડોદરીયા |
| ૬. શ્રી વી. પી. વૈષ્ણવ | ૧૩. શ્રી નરેન્દ્ર સોમાણી | ૨૦. શ્રી યોગેશ પરીખ |
| ૭. શ્રી બિપેન્દ્રસિંહ જાડેજા | ૧૪. શ્રી નિલેશ શુકલ | |

આ મિટિંગમાં 33 સભ્યો Video Conference થી હાજર રહ્યા હતા.

| | | |
|---|---|---|
| ૧. શ્રી દુર્ગેશ બુચ | ૧૨. શ્રી ધિરેન્દ્ર એસ. દોશી | ૨૩. શ્રી પાર્થ દેસાઇ |
| ૨. શ્રી આશિત શાહ | ૧૩. શ્રી દિનેશ ગુપ્તા | ૨૪. શ્રી પ્રદીપ જૈન |
| ૩. શ્રી અજીત શાહ | ૧૪. શ્રી ગૌરાંગ ભગત | ૨૫. શ્રી પ્રફુલ તલસણિયા |
| ૪. શ્રી અંબર જે. પટેલ | ૧૫. શ્રી જતીન ત્રિવેદી | ૨૬. શ્રી સમીર શેઠ |
| ૫. શ્રી અમિત પરીખ | ૧૬. શ્રી જીગીશ કે. શાહ | ૨૭. શ્રી સમીર જે. શાહ |
| ૬. શ્રી આનંદ પટેલ | ૧૭. શ્રી જીગીશ એન. દોશી | ૨૮. શ્રી સંજીવ છાજર |
| ૭. શ્રી અનિલ જૈન | ૧૮. શ્રી કિરીટ એન. પટેલ | ૨૯. શ્રી સુનિલ પારેખ |
| ૮. શ્રી અપૂર્વ કે. શાહ | ૧૯. શ્રી મદનલાલ જયસવાલ | ૩૦. શ્રી ઉદિત દિવેટિયા |
| ૯. શ્રી આશિષ એસ. ગુરુ | ૨૦. શ્રીમતિ મીના આર. કાવ્યા | ૩૧. શ્રી વિજય શાહ |
| ૧૦. શ્રી ભાર્ગવ કે. ઠક્કર | ૨૧. શ્રી નિલેશ આર. દેસાઇ | ૩૨. શ્રી વીરંચી શાહ |
| ૧૧. શ્રી ભાવેશ એસ. લાખાણી | ૨૨. શ્રી પારસ પી. દેસાઇ | ૩૩. શ્રી યોગેશ શ્રીધર |

# એનેક્ષર -બી

## મંજૂર થયેલા નવા સભ્યોની યાદી

| No. | Membership Name | Representative | Category |
|---|---|---|---|
| 1 | Harshesh C. Jasvani | Harshesh C. Jasvani | Individual-Local |
| 2 | PSP Projects Ltd. | Prahaladbhai S. Patel | Ltd-Local |
| 3 | AAIMA Engineering Cpmpany | Rakeshbhai J. Panchal | Patron-Local |
| 4 | Shreeji Industries | Jatin Patel | Firm-Local |
| 5 | Bluetex (I) Pvt Ltd | Milan H. Dalal | Pvt-Ltd-Local |
| 6 | Anvi India Corporation | Parul Goyal | Firm-Local |
| 7 | Gennext Studio LLP | Rohan A. Jardosh | Firm-LLP-Local |
| 8 | Empire Developers | Deep M. Patel | Firm-Local |
| 9 | Invesco Fiscal Services LLP | Adity Y. Sharma | Firm-LLP-Local |
| 10 | Shantilal Shipping & Chartering Pvt. Ltd. | Rikhav J. Shah | Pvt.Ltd-Regional |
| 11 | Third Rock Trips | Dhiren M. Goyal | Firm-Local |
| 12 | Crown Decor Pvt. Ltd. | Jitendra T. Patel | Pvt.Ltd-Local |
| 13 | GMP Medi Tech System | Nayankumar Patel | Firm-Local |
| 14 | RPlanet Integrated Solution Pvt Ltd | Manish Bhimani | Pvt.Ltd-Local |
| 15 | Hardik Hemendrakumar Shah | Hardik Hemendrakumar Shah | Individual-Local |
| 16 | Vatsal Kamalnayan Sharma | Vatsal Kamalnayan Sharma | Individual-Local |

# એનેક્ષર - સી

## પ્રતિનિધિના નામમાં ફેરફારની યાદી

| No. | Name of Member | Name of Representative at present | Name of Representative to be changed |
|---|---|---|---|
| 1 | D R Plastics Pvt Ltd | Priti Parikh<br>Dilip Parikh | Priti Parikh<br>Sachi Mehta |
| 2 | Labh Projects Pvt Ltd | Sunit Hapani<br>Ami Hapani | Sunit Hapani<br>Dhruvil Hapani |
| 3 | Deep Builders & Developers | Dinesh Patel<br>Dipak Patel | Dinesh Patel<br>Nilay Patel |
| 4 | Rubber Manufacturers' Welfare Association | Yashodhar G Kahate<br>Dipak Doshi | Yashodhar G Kahate<br>Parin Sheth |

## પ્રતિનિધિની કંપનીના નામમાં ફેરફારની યાદી

| Name of Member at present in GCCI database | Name of Member to be changed | Change in Category, if any |
|---|---|---|
| Jay Chemical Industries Ltd. | Jay Chemical Industries Pvt. Ltd. | NO |
| Shalibhadra Master Investment Brokers LLP | Shalibhadra Mutual Fund Distributors LLP | NO |

## પ્રતિનિધિના સરનામામાં ફેરફારની યાદી

| No. | Name of Member | Old Address | New Address |
|---|---|---|---|
| 1 | P V Securities Pvt Ltd | 401, Shyamak Complex, Opp.Central Excise Bhavan , Ambawadi, Ahmedabad | 311, 3rd Floor, 31Five Building, Nr. Vodafone House, Prahladnagar, Makarba, Ahmedabad |
| 2 | Capious Roadtech Pvt. Ltd. | Plot No-4008, Phase-IV, GIDC Vatva, Ahmedabad | Plot No-1812, Phase-III, GIDC Vatva, Ahmedabad |

આઈટેમ નં. ૨

૨. ૧ અગત્યના પ્રસંગો (તા. ૧૪-૦૧-૨૦૨૧ થી તા. ૧૩-૦૨-૨૦૨૧) દરમ્યાન

| | | | |
|---|---|---|---|
| સોમવાર | તા. ૧૮-૦૧-૨૧ | બપોરના 03-00 કલાકે | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટીના ઉપક્રમે "Be the Reason Someone Lives" Organ Donation by Shatayu કરવામાં આવેલ કાર્યક્રમનું આયોજન. |
| ગુરુવાર | તા. ૨૧-૦૧-૨૧ | સાંજના 04-30 કલાકે | GCCI ની રીજનલ કાઉન્સીલની રાજકોટ ખાતે મળેલ મીટીંગ. |
| ગુરુવાર | તા. ૨૧-૦૧-૨૧ | સાંજના 05-00 કલાકે | GCCI અને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં વેપાર-ઉદ્યોગના પ્રશ્નો અંગે યોજવામાં આવેલ સંવાદ. |
| શુક્રવાર | તા. ૨૨-૦૧-૨૧ | બપોરના 03-00 કલાકે | ગુજરાત સરકારની નવી ઇન્ડસ્ટ્રીયલ પોલીસી પર ઇન્ડસ્ટ્રીયલ કમિશ્નર ડો. રાહુલ ગુપ્તા, IAS સાથે પરિચર્ચાનું આયોજન. |
| શનિવાર | તા. ૨૩-૦૧-૨૧ | સાંજના 04-00 કલાકે | GCCI MSME કમિટીના ઉપક્રમે "How to make MSMEs Globally Competitive " વિષયે યોજવામાં આવેલ વેબિનાર. |
| શનિવાર | તા. ૨૩-૦૧-૨૧ | સાંજના 04-00 કલાકે | GCCI ની સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન કમીટીની અને યુથવિંગના સંયુક્ત ઉપક્રમે "Investing in Stratups an Opportunity" વિષયે યોજવામાં આવેલ પરિચર્ચા. |

| | | | |
|---|---|---|---|
| ગુરુવાર | તા. ૨૫-૦૧-૨૧ | સાંજના ૦૪-30 કલાકે | ગુજરાત યુનિવર્સિટીની Defence and Homeland -Security Research Cell ના પ્રતિનિધિઓ અને GCCI સાથે"Understand the Potential of Indian Defense Market Place and to explore the possibilities for our members" વિષયે યોજવામાં આવેલ મીટીંગ. |
| ગુરુવાર | તા. ૨૮-૦૧-૨૧ | સાંજના ૦૪-૦૦ કલાકે | GCCI ની Film & Events Committee ના ઉપક્રમે "How to Protect your Film Rights' વિષયે યોજવામાં આવેલ વેબિનાર. |
| ગુરુવાર | તા. ૨૮-૦૧-૨૧ | - | GCCI બિઝનેસ વિમેન વિંગ કમિટીનું પ્રતિનિધિ મંડળ ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાતે. |
| ગુરુવાર | તા. ૨૮-૦૧-૨૧ | - | GCCI ડાયરેક્ટ ટેક્ષ કમીટીના ચેરમેન અને આ વિષયના નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવેલ Frequently Asked Questions પુસ્તિકાનું શ્રી અમિત જૈન, IRS, પ્રિન્સિપલ ચીફ કમિશ્નર, આવક વેરા – ગુજરાત દ્વારા કરવામાં આવેલ વિમોચન. |
| શનિવાર | તા. 30-૦૧-૨૧ | સાંજના ૦૫-૦૦ કલાકે | GCCI NRG Centre ના ઉપક્રમે "Current Situation in Canada Post Covid-19- It's Impact on Gujarat – Canada Socio-Economic યોજવામાં આવેલ P. S. Patel - Rendezvous Series. |
| શનિવાર | તા. 30-૦૧-૨૧ | બપોરના 03-30 કલાકે | GCCI IPR & Legal Committee ના ઉપક્રમે Legal Talks Series for Industries અંતર્ગત Joint Ventures: Evolution & Challenges વિષયે યોજવામાં આવેલ વેબિનાર. |

| | | | |
|---|---|---|---|
| સોમવાર | તા. ૦૧-૦૨-૨૧ | સાવરે ૧૧-૦૦ કલાકે | કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨નું લાઈવ ટેલિકાસ્ટનું કરવામાં આવેલ આયોજન. |
| મગળવાર | તા. ૦૨-૦૨-૨૧ | સાંજના ૦૪-૦૦ કલાકે | GCCI ના યુથવિંગના સભ્યોની રીજનલ ચેમ્બરના પ્રતિનિધિઓ સાથે કરેલ મીટીંગ. |
| બુધવાર | તા. ૦૩-૦૨-૨૧ | સાંજના ૦૬-૦૦ કલાકે | GCCI ની ડાયરેક્ટ ટેક્ષ કમીટી અને ઇનડાયરેક્ટ ટેક્ષ કમીટીના ઉપક્રમે Analysis of Union Budget 2021-22 કાર્યક્રમનું આયોજન. |

## ૨. ૨ ચેમ્બરની રજૂઆતો

- **E -SHRAM SEVA** પોર્ટલને માટે જુના પ્રારંભિક દરો યથાવત રાખવા અંગે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ તેમજ ડિરેક્ટર ઓફ લેબર અને ડિરેક્ટર ઓફ ઇન્ડસ્ટ્રીઅલ સેફટી એન્ડ હેલ્થને પાઠવેલ રજુઆત (તા. **08-01-2021**)
- કેન્દ્રીય જાહેર ક્ષેત્રના એકમોની જેમ રાજ્યના જાહેર ક્ષેત્રના એકમો **(PSUs)** દ્વારા લેવામાં આવતી પર્ફોર્મન્સ ડિપોઝિટના દર ઘટાડવા અંગે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને તેમજ નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલને કરેલ રજુઆત. (તા. **13-01-2021**)
- લાટી બઝારના લાકડા વેચનાર વેપારીઓ માટે હેલ્થ લાઇસેંસ લેવાની જોગવાઈ દૂર કરવા અંગે અમદાવાદ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશ્નર શ્રી મુકેશ કુમારને મોકલાવેલ રજુઆત (તા. **22-01-2021**)
- ઈનકમ ટેક્સ એક્ટની કલમ **17(2)** અંતર્ગત હોસ્પિટલોને મંજૂરી આપવામાં થતા વિલંબ અંગે ગુજરાતના પ્રિન્સિપાલ ચીફ કમિશ્નર ઓફ ઇનકમ ટેક્સ શ્રી અમિત જૈનને પાઠવેલ રજુઆત (તા. **27-01-2021**)

- કેમિકલ, ઇલેક્ટ્રોનિક્સ, એન્જિનિરીંગ અને ટેક્સટાઇલ ક્ષેત્રો માટે મુન્દ્રા શહેરને ફોરેન ટ્રેડ પોલિસી અંતર્ગત Town of Export Excellence (ToEE) તરીકે માન્યતા આપવા અંગે ભારત સરકારના ડેપ્યુટી ડિરેક્ટર જેનરલ ઓફ ફોરેન ટ્રેડ શ્રી અક્ષય એસ. સી. ને પાઠવેલ પત્ર (તા. 28-01-2021)
- શ્રી હર્ષદ સોલંકી, ડાયરેક્ટર, સોલીડ વેસ્ટ, અમદાવાદ, મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે ટીમ્બર મર્ચન્ટ એસોસિયેશનના પ્રતિનિધિઓ અને ચેમ્બરના માનદ મંત્રીશ્રી પથિક પટવારી ની ટીમ્બરના વેપારીઓને લેવું પડતું હેલ્થ લાઇસન્સની જોગવાઈ દૂર કરવા અંગે મળેલ મીટીંગ. (તા. 29-01-2021)
- ડેરી અને નોન-ડેરી ઉત્પાદ વચ્ચે તફાવત સ્પષ્ટ કરવા માટે જુદું માર્ક અથવા ચિત્ર મુકવા અંગે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ઓફ ઇન્ડિયાના ચેરપર્સન મિસ. રીટા તેઓતિયાને પાઠવેલ રજુઆત (તા. 30-01-2021)
- આઈસ્ક્રીમ પર લાગતા 18% GST ને ઘટાડી 12% કરવા અંગે ભારત સરકારના માનનીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામણને મોકલેલ પત્ર (તા. 30-01-2021)
- ઉદ્યોગોને Environment Clearance આપવા અંગે સ્ટેટ એન્વિરોન્મેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઑથોરિટી (SEIAA) ના ચેરમેન શ્રી સી. એલ. મીનાને પાઠવેલ રજુઆત (તા.05-02-2021)
- માનનીય સંસદસભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ યાદવને પાઠવેલ કેન્દ્રીય બજેટ અંગેના પ્રતિભાવ અને સૂચનો (તા. 06-02-2021)

## ૨. 3 એક્શન ટેકન રિપોર્ટ

- તા. ૨૧-૦૧-૨૦૨૧ની કારોબારી સમિતિની મીટીંગમાં સ્ટાફ સ્ટીયરીંગ કમીટીની રચના અંગે ચેમ્બરના હોદ્દેદારોને સત્તા આપવામાં આવી હતી. આ કમીટીની રચના કરવામાં આવી છે જેના સભ્યો નીચે મુજબ છે :

(૧) શ્રી નટુભાઇ પટેલ – પ્રમુખ (હોદ્દાની રૂએ)

(૨) શ્રી હેમંત એન. શાહ – સિનિ. ઉપ-પ્રમુખ (હોદ્દાની રૂએ)

(3) શ્રી પથિક પટવારી – માનદમંત્રી (હોદ્દાની રૂએ)

(૪) શ્રી અંબરભાઈ પટેલ – કારોબારી સમિતિના સભ્ય

(૫) શ્રી ભૂપેન્દ્ર સી. પટેલ – કારોબારી સમિતિના સભ્ય

(૬) શ્રીમતિ મીના કાવીયા – કારોબારી સમિતિના સભ્ય

(૭) શ્રી કે. એચ. પટેલ – **Ex-Officio Member**

➢ તા. ૨૧-૦૧-૨૦૨૧ની કારોબારી સમિતિની મીટીંગમાં ચેમ્બરના સ્ટાફ સભ્યોને પગાર વધારો નક્કી કરી આપવાની સત્તા ચેમ્બરના હોદ્દેદારોને આપવામાં આવી હતી તે મુજબ આપવામાં આવેલ છે.

## ૨. ૪ સ્ક્રુટીની સમિતિનો રિપોર્ટ

- આ અહેવાલ મીટીંગ સમયે આપવામાં આવશે.

## ૨. ૫ ચેમ્બર દ્વારા આપવામાં આવેલ સર્ટિફિકેટ ઓફ ઓરિજિન એન્ડ વિઝા લેટરની વિગત

- જાન્યુઆરી - ૨૧ માં કુલ ૨૯૧૯ સર્ટિફિકેટ ઓફ ઓરિજિન આપવામાં આવ્યા હતા અને ૨૩ વિઝા લેટર્સ આપવામાં આવ્યા હતા.

## ૨. ૬ ADRC દ્વારા થયેલા કાર્યોની વિગત

**Period of Report-14/01/2021 to 12/02/2021**

| | No. Of Pending Cases | ADRC Room Income | ADRC Administration Income | Total ADRC Income |
|---|---|---|---|---|
| As on 14/01/2020 | 14 | RS.94,142/- | Rs.8,20,314/- | RS.9,14,456/- |
| Received New | NIL | Rs.15745/- | RS.1,68,688/- | RS.1,84,433/- |
| Closed | NIL | | | |
| Pending on 12/02/21 | 14 | | | |
| Total | | RS.1,09,887/- | RS.9,89,002/- | RS.10,98,889/- |

## આઈટેમ નં. 3 (કમિટીઓની અને સલાહકારી સમિતિઓ મીટીંગની માહિતી)

### ૩.૧. કમિટીઓની મીટીંગની માહિતી

નં.૧. GCCI SMART કમીટીની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૧૯-૦૧-૨૧)

નં.૨. GCCI ટેક્ષટાઇલ ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૨-૦૧૨-૨૧ અને તા. ૦૫-૦૨-૨૧)

નં.૩. GCCI સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન કમીટીની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા.૨૭-૦૧-૨૧)

નં.૪. GCCI ફોરેન ટ્રેડ ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૨૯-૦૧-૨૧)

નં.૫. GCCI બંધારણ સમિતિની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૩૦-૦૧-૨૧ અને તા. ૧૭-૦૨-૨૧)

નં.૬. GCCI એન્વાયર્મેન્ટ ટાસ્ક ફોર્સની મળેલ મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૦૧-૦૨-૨૧)

નં.૭. GCCI Food & FSSAI કમિટીની મિટિંગમાં થયેલ કાર્યવાહીની સમિતિને જાણ કરવા. (તા. ૦૮-૦૨-૨૧)

### ૩. ૨ સલાહકારી સમિતિઓ મીટીંગની માહિતી

નં. ૧. ઈન્કમટેક્ષની ગર્વનિંગ બોડીની મળેલ મીટીંગમાં ગુજરાત ચેમ્બરના માનદ-મંત્રી શ્રી પથિક પટવારીની ઉપસ્થિતિ. (તા. ૧૯-૦૧-૨૧)

નં. ૨. ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રિજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી અને માંડલ બેચરાજીની મળેલ મીટીંગમાં ગુજરાત ચેમ્બરના કો-ઓર્ડીનેટર ઓફિસર શ્રી અજય સાયગલની ઉપસ્થિતિ. (તા. ૨૧-૦૧-૨૧)

આઇટેમ નં. ૪

ફેરફાર સહિતના સ્ટાફ રૂલ્સની વિગતો મીટીંગ સમયે આપવામાં આવશે.

આઇટેમ નં. ૫

ADRC સેન્ટરના ફી સ્ટ્રક્ચરને રિવાઇઝ કરવા અંગેની વિગતો મીટીંગમાં આપવામાં આવશે.